RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 13* Date: 07.11.2020 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## લદાખમાં ચીન સાથે તણાવ પર બોલ્યા સીડીએસ રાવત, કહ્યું- એલએસી પર ઢીલ નહીં રખાય



### રાવતે જણાવ્યુ કે, ચીનની પીએલએ લદાખમાં પોતાનુ દુસ્સાહસને લઈને ભારતીય સેનાની મજબૂત પ્રતિક્રિયાના કારણે અપ્રત્યાશિત પરિણામનો સામનો કરી રહી છે

ન્યુ દિલ્હી,તા.૬

લદાખમાં ભારત-ચીન વચ્ચે છેલ્લા ૭ મહિનાથી ચાલી રહેલા તણાવને ઓછો કરવા માટે આજે ચુશુલમાં કોર કમાન્ડર સ્તરની ૮મી બેઠક ચાલુ છે. આ બધા વચ્ચે ભારતે ચીનને આકરી ચેતવણી આપતા કહ્યું છે કે તે એલએસી પર કોઈ પણ પ્રકારની છેડછાડ સહન નહીં કરે. જો ચીને કોઈ પણ ચાલાકી કરવાની કોશિશ કરી તો ભારત પોતાની જમીનની રક્ષા માટે ગમે તે પગલું ભરવામાં સંકોચ નહીં કરે. સીડીએસ જનરલ બિપિન રાવતે કહ્યું કે એલએસી પર તણાવ સતત યથાવત છે. બંને દેશોની સેનાઓ તણાવ ઘટાડવા માટે લગાતાર વાતચીત કરી રહી છે. અમને ડિફેન્સ ડિપ્લોમસીનું મહત્વ ખબર છે. આથી અમે મિલેટ્રી ડિપ્લોમસી સારી રીતે કરી છે. તેમણે કહ્યું કે ચીનને ભારતના જવાબનો અંદાજો નથી.

જો ચીનની સેનાએ લદાખમાં કોઈ પણ પ્રકારનું દુસ્સાહસ કરવાની કોશિશ કરી તો તેને ભારતીય સેના જડબાતોડ જવાબ આપવામાં પાછળ નહીં હટે. જનરલ બિપિન રાવતે સ્પષ્ટપણે કહ્યું કે એલએસી પર કોઈ પણ પ્રકારના ફેરફાર મંજૂર નથી. ચીનની સેનાએ ૫ એપ્રિલ પહેલાની પોઝિશન પર પાછા જવું જ પડશે. એનાથી ઓછું કશું જ મંજૂર નથી. તેમણે કહ્યું કે હાલાત પર અમારી બાજ નજર છે. દેશની સેનાઓને ઘાતક બનાવવા માટે તેમના જોઈન્ટનેસનું કામ સતત ચાલુ છે. તેમનો વિભાગ દેશની પહેલી સ્ક્રૌદ્ધિ રીઠ્ઠી ર્ઝદ્ધદ્ધઠહદ્ધ અને એર ડીફેન્સ કમાંડ બનાવવાની દિશામાં સતત આગળ આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં દેશે એક યુદ્ધ સોશિયલ મીડિયા ઉપર પણ લડવું પડશે. આ એક મનોવૈજ્ઞાનિક યુદ્ધ હશે જેમાં બીજા દેશ પર મનોવૈજ્ઞાનિક રીતે હુમલો કરવાની કોશિશ હશે.

આ યુદ્ધની કેટલીક ઝલક આપણે હાલના દિવસોમાં જોઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે આવનારા વર્ષોમાં આપણી ડિફન્સ ઈન્ડસ્ટ્રી મજબૂત થશે. તેનાથી દેશની રક્ષા શક્તિ ખુબ મજબૂત થશે અને સેનાઓને પણ અત્યાધુનિક હથિયારો સતત મળતા રહેશે.

નેશનલ ડિફેન્સ કોલેજના વેબિનારને સંબોધન કરતા જનરલ રાવતે કહ્યું કે છેલ્લા ૩૦ વર્ષમાં પાકિસ્તાન આર્મી અને જૈંએ સતત જમ્મુ કાશ્મીરમાં આતંક ફેલાવી રાખ્યો છે. આ એક એવો પડોશી છે જેને ક્યારેય સુધારી શકાશે નહીં. તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ દાયકાથી પાકિસ્તાન ઈસ્લામિક કટ્ટરપંથી અને ધાર્મિક આતંકવાદનું મુખ્ય કેન્દ્ર બનેલું છે. તે આ આતંકવાદને ભારત વિરુદ્ધ હથિયાર તરીકે ઉપયોગમાં લે છે. સરહદ પર પાકિસ્તાની સેના સીઝફાયરનો ભંગ કરીને આતંકીઓને કાશ્મીરમાં ઘૂસણખોરી કરવા માટે મદદ કરે છે. ત્રણ દાયકાઓમાં પાકિસ્તાને આતંકવાદને વધુ પ્રોત્સાહિત કર્યું છે.

## ટ્રમ્પને જોરદાર આંચકોઃ મિશિગન અને જ્યોર્જિયાની કોર્ટે ટ્રમ્પની અરજી ફગાવી દીધી

વૉશિંગ્ટન,તા.૬

મતગણતરીમાં ડેમોક્રેટિક પક્ષ ગોટાળા અને ગેરરીતિ કરી રહ્યો હોવાની વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અરજી મિશિગન અને જ્યોર્જિયાની કોર્ટે ફગાવી દેતાં ટ્રમ્પને જોરદાર આંચકો લાગ્યો હતો. ટ્રમ્પે મિશિગનમાં ફરીથી મતગણતરી કરવાની માગણી કરી હતી.

મિશિગન કોર્ટ ઑફ ક્લેમ્સના જસ્ટિસ સિન્થિયા સ્ટીફન્સે ગુરુવારે ટ્રમ્પની અરજી ફગાવી દીધી હતી અને ટ્રમ્પને કહ્યું હતું કે મિશિગન સ્ટેટના સેક્રેટરી ઑફ સ્ટેટ મતગણતરીમાં હાજર નહોતા. આ અંગેનો કોર્ટનો ઔપચારિક ચુકાદો આજે શુક્રવારે બહાર પડવાનો હતો. દરમિયાન મિશિગનના મિડિયાએ જો બાઇડનને પ્રમુખપદની ચૂંટણીમાં વિજેતા જાહેર કરી દીધા હતા.

જ્યોર્જિયાની કોર્ટના જસ્ટિસ જેમ્સ એફ બાસે પણ ટ્રમ્પની અરજી ફગાવી દીધી હતી. ટ્રમ્પના પ્રચાર અધિકારીઓએ વિસ્કોન્સીનમાં મતગણતરી ફરી કરાવવાની માગણી સાથે પેનસિલ્વેનિયા અને નેવાડાની કોર્ટમાં પણ કેસ દાખલ કર્યા હતા. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી જીતવા માટે ૨૭૦ મતો જોઈએ. ગુરુવાર સાંજ સુધીમાં બાઇડન ૨૧૪ મતો મેળવી ચૂક્યા હતા. ટ્રમ્પને માત્ર ૨૧૪ મતો મળ્યા હતા. આમ છતાં ટ્રમ્પ પોતાનો પરાજય સ્વીકારવા તૈયાર નહોતા.

## કેજરીવાલે લક્ષ્મી પૂજા કરવાની જાહેરાત કરતા વિપક્ષી બેક ફૂટ પર

ન્યુ દિલ્હી,તા.૬

અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં ફરી એક વાર સોફ્ટ હિંદુત્વ કાર્ડ ખેલીને ભાજપને સ્તબ્ધ કરી દીધો છે. દિલ્હીમાં કોરોનાના કેસો વધી રહ્યા છે અને પ્રદૂષણનું સ્તર પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે ત્યારે કેજરીવાલે દિલ્હીનાં લોકોને દિવાળીમાં ફટાકડા નહીં ફોડવા અપીલ કરી છે. સાથે સાથે કેજરીવાલે લક્ષ્મી પૂજા કરવાની જાહેરાત કરી દીધી છે.

કેજરીવાલની જાહેરાત પ્રમાણે દિવાળીના દિવસે સાંજે ૭.૩૯ કલાકથી શરૂ થનારી લક્ષ્મી પૂજાનું જીવંત પ્રસારણ કરાશે. તમામ દિલ્હીવાસીઓને લક્ષ્મી પૂજામાં જોડાવા અને પોતાના ઘરે એ જ રીતે પૂજા કરવા કેજરીવાલે કહ્યું છે.

વિશ્લેષકોના મતે, આ જાહેરાત કરીને કેજરીવાલે પોતે ભાજપ કરતાં એક કદમ આગળ હોવાનું સાબિત કર્યું છે. હિંદુઓના તહેવારોની ઉજવણીમાં સંયમ રાખવાનું કહેવાય તરત જ ભાજપના ઈશારે સોશિયલ મીડિયા પર એવો પ્રચાર ચાલુ કરી દેવાય છે કે, આ દેશમાં હિંદુઓને જ તેમના તહેવારોની ઉજવણી બંધ કરવાનું કહેવાય છે. કેજરીવાલે લક્ષ્મી પૂજાનો સ્ટ્રોક ફટકારીને વિરોધની કે હિંદુ વિરોધી હોવાના કુપ્રચારની કોઈ ગુંજાઈશ જ નથી રહેવા દીધી.

## કરતારપુર પર પાકની નવી ચાલ, આઈએસઆઈની નજર હેઠળ થશે ગુરુદ્વારાની સારસંભાળ

ન્યુ દિલ્હી/ચંદીગઢ,તા.૬

કરતારપુર ગુરુદ્વારાને લઈને પાકિસ્તાનના નવા કાવતરાનો ખુલાસો થયો છે. નોંધનીય છે કે પાકિસ્તાન સરકાર તરફથી ગુરુદ્વારાની સારસંભાળ માટેની જવાબદારી પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિ પાસેથી છીનવી લેવામાં આવી છે. પાકિસ્તાનની નવી ચાલનો અંદાજો એ વાતથી લગાવી શકાય છે કે ગુરુદ્વારાની સારસંભાળની જવાબદારી જે સંસ્થાનને સોંપવામાં આવી છે તેમાં એક પણ શીખ સભ્ય નથી. અહેવાલ છે કે ગુરુદ્વારાની સારસંભાળની જવાબદારી જે સંસ્થાનને સોંપવામાં આવી છે તેના તમામ ૯ સભ્ય ઈવેક્યૂઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડથી જોડાયેલા છે. નોંધનીય છે કે ઈટીપીબીને પાકિસ્તાનની ઈન્ટેલિજન્સ એજન્સી આઈએસઆઈ કન્ટ્રોલ કરે છે.

આ સંસ્થાનના સીઈઓ મોહમ્મદ તારિક ખાનને બનાવવામાં આવ્યા છે. ભારતે પાકિસ્તાન સરકારને શીખોની ધાર્મિક લાગણીઓ વિરુદ્ધના આ પોતાના નિર્ણયને પાછો લેવા માટે કહ્યું છે. તેની સાથે જ વિશ્વભરના શીખોએ આ નિર્ણયની આકરી ટીકા કરી છે. ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે, અમે આ રિપોર્ટ્સને જોયા છે જે મુજબ પાકિસ્તાનમાં પવિત ગુરુદ્વારા કરતારપુર સાહિબનું પ્રબંધન તથા સારસંભાળનું કામ આઈટીબીપીને સોંપવામાં આવ્યું છે. પાકિસ્તાનનો એક તરફી નિર્ણય નિંદનીય છે અને કરતારપુર સાહિબ કોરિડોર ખોલવાની ભાવનાઓ અને શીખ સમુદાયની ધાર્મિક લાગણીઓની વિરુદ્ધ છે. આવું પગલું પાકિસ્તાન સરકાર અને ધાર્મિક લઘુમતી સમુદાયોના અધિકારો તથા કલ્યાણના તેમના મોટા દાવાઓથી એકદમ વિરુદ્ધ છે. પાકિસ્તાન સરકાર આવનારા સમયમાં ગુરુદ્વારા માટે વ્યાપાર કરવાનો પ્લાન તૈયાર કરી રહી છે. ઈમરાન ખાન સરકાર તરફથી આ સંબંધમાં એક આદેશ જાહેર કરવામાંઆવ્યો છે જેમાં વ્યાપાર સાથે જોડાયેલા તમામ પ્લાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## પંપોરમાં સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ, એક આતંકી ઠાર

પંપોર,તા.૬

દક્ષિણી કશ્મીરના પુલવામાં જિલ્લાના પંપોર સુરક્ષાદળોને મોટી સફળતા હાથ લાગી છે. સુરક્ષાદળોએ એક આતંકીને ઠાર કરી દીધો છે. બે આતંકીઓ હજી પણ છુપાયેલા છે. આ અથડામણમાં બે નાગરિકો પણ ઘાયલ થયા છે. જો કે હજી આતંકીઓ અને સુરક્ષાદળો વચ્ચેની અથડામણ શરૂ છે. લાલપોરામાં ગુરૂવારના રોજ મોડી સાંજે સુરક્ષાદળો અને આતંકીઓની વચ્ચે અથડામણ શરૂ થઈ. સુરક્ષાદળોએ આતંકીઓની હાજરીની સૂચના પર સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી તપાસ અભિયાન ચલાવ્યું. એ દરમ્યાન ઘેરો સખ્ત થતો જોઈ મકાનમાં છુપાયેલા આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. સુરક્ષાદળોની જવાબી કાર્યવાહી સાથે અથડામણ શરૂ થઈ ગઈ.

## ઘરની ચાર દીવાલોની અંદર એસસી/એસટી પર અપમાનજનક ટિપ્પણી અપરાધ નહીંઃ સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૬

સુપ્રીમ કોર્ટએ ગુરૂવારે કહ્યું કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સંબંધિત કોઈ વ્યક્તિની વિરુદ્ધ ઘરની ચાર દીવાલોની અંદર કોઈ સાક્ષીની અનુપસ્થિતિમાં કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી અપરાધ નથી. તેની સાથે જ સુપ્રીમ કોર્ટે એક વ્યક્તિની વિરુદ્ધ એસસી-એસટી કાયદા હેઠળ લગાવવામાં આવેલા આરોપોને રદ કરી દીધા છે. એ વ્યક્તિએ ઘરની અંદર એક મહિલાને લઈ કથિત રીતે અપમાનજનક કોમેન્ટ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, કોઈ વ્યક્તિનું અપમાન કે ધમકી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ કાયદા હેઠળ અપરાધ નહીં હોય. જ્યાં સુધી કે આ પ્રકારના અપમાન કે ધમકી પીડિતના અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિથી સંબંધિત હોવાના કારણે નથી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે એસસી તથા એસટી કાયદા હેઠળ અપરાધ ત્યારે માનવામાં આવશે જ્યારે સમાજના નબળા વર્ગના સભ્યોને કોઈ સ્થળ પર લોકોની સામે અભદ્રતા, અપમાન અને ઉત્પીડનનો સામનો કરવો પડે.

જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ, જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ અજય રસ્તોગીની બેન્ચે કહ્યું કે, તથ્યોને ધ્યાને લઈ અમને જાણવા મળે છે કે અનુસૂચિચ જનજાતિ (અત્યાચાર નિવારણ) કાયદો, ૧૯૮૯ની કલમ ૩ (૧) (આર) હેઠળ અપીલકર્તાની વિરુદ્ધ આરોપ પરુવાર નથી થતા. તેથી આરોપપત્રાને રદ કરવામાં આવે છે.

બેન્ચે પોતાના ૨૦૦૮ના ચુકાદાનો હવાલો આપ્યો જેમાં સમાજમાં અપમાન અને કોઈ બંધ સ્થળે કરવામાં આવેલી ટિપ્પણી વિશે અંતર જણાવવામાં આવ્યું હતું.

કોર્ટે કહ્યું કે, ત્યારના ચુકાદામાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જો અપરાધ બિલ્ડિંગની બહાર જેમ કે ઘરની લોનમાં, બાલ્કનીમાં કે પછી બાઉન્ડ્રીની બહાર કરવામાં આવ્યું હશે, જ્યાંથી પસાર થતાં કોઈએ જોયું કે સાંભળ્યું હશે ત્યારે તેને સાર્વજનિક સ્થળ માનવામાં આવશે. સુપ્રીમ કોર્ટની આ બેન્ચે કહ્યું કે હિતેશ વર્માની વિરુદ્ધ અન્ય અપરાધોના સંબંધમાં પ્રાથમિકીના કાયદા મુજબ સક્ષમ કોર્ટ દ્વારા અલગથી સુનાવણી કરવામાં આવશે.

## ભાજપે ૬૫૦ સભા સંબોધી, તેજસ્વીએ એકલે હાથે ૨૫૦થી વધુ સભાઓ સંબોધી

પટના,તા.૬

બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રચારનો કોલાહલ ગુરુવારે સંપન્ન થયો હતો. આ વખતની પ્રચાર ઝુંબેશનાં લેખાંજોખાં માંડીએ તો સૌથી વધુ મહેનત રાજદના તેજસ્વી યાદવે કરી હતી પંરતુ સૌથી વધુ સભાઓ ૬૫૦ સભા ભાજપે સંબોધી હતી. વર્તમાન મુખ્ય પ્રધાન નીતિશ કુમારે ૧૧૩ સભા સંબોધી હતી. આ વખતની ચૂંટણીએ સારી એવી રસાકસી જમાવી હતી. મુખ્ય પ્રધાન બનવાના સપનાં સેવી રહેલા રાજદના તેજસ્વીએ એકલે હાથે ૨૫૦થી વધુ સભાઓ સંબોધી હતી. ભાજપે પોતાના ૨૯ ટોચના નેતાઓને પ્રચાર માટે ઊતાર્યા હતા. ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘ અને પક્ષ પ્રમુખ જેપી નડ્ડા સહિત ટોચના નેતાઓ બિહારમાં ઊતરી પડ્યા હતા. એકલા નરેન્દ્ર મોદીએ ત્રણ તબક્કાના મતદાન માટે ૧૨થી વધુ સભા સંબોધી હતી. એ દ્રષ્ટિએ મોદી કોંગ્રેસના રાહુલ ગાંધી કરતાં આગળ રહ્યા હતા. રાહુલે માત્ર આઠ રેલી કરી હતી. લોજપના ચિરાગ પાસવાને સારું ગજું કાઢ્યું હતું. જો કે એના પિતા અને કેન્દ્રીય પ્રધાન રામ વિલાસ પાસવાનના મરણના કારણે એને સહાનુભૂતિના મત વધુ મળે એવી શક્યતા હતી. ભાજપે ચિરાગને દૂધ અને દહીં બંનેમાં પગ રાખવા દીધો હતો. ચિરાગ એક તરફ પોતાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો હનુમાન ગણાવ્યો હતો તો બીજી બાજુ એ નીતિશ કુમારનો સતત વિરોધ કરી રહ્યો હતો. રાજદના તેજસ્વી યાદવે પોતે સત્તા પર આવે તો દસ લાખ યુવાનોને નોકરી આપવાનું વચન આપ્યું. આ વચનની ઠેકડી કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે કોલકાતામાં આપેલી મુલાકાતમાં ઊડાવી હતી. અમિત શાહે કહ્યું હતું કે તેજસ્વીને બિહારના બજેટનું ભાન નથી એટલે આવું વચન આપ્યું. દસ લાખ યુવાનોને નોકરી આપી શકે એટલું મોટું બિહારનું બજેટ નથી.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૦૩૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૭૮૬૩૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૪

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩૨૧

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૬૨૯૪૬

## દેશમાં ૨૪ કલાકમાં ૪૭,૬૩૮ નવા કેસ નોંધાયા, ૬૭૦ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૭૬૩૮ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૪૧૧૭૨૪ સુધી પહોંચી ગઈ છે. વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૪૧૫૭ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૭૬૫૯૬૬ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૨૦૭૭૩ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૬૭૦ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૪૯૮૫ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૨.૩૨ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૮૬૪૮૫૬૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૩૨૮૮૪ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૨૧૮૯૯૩૨ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૫૨૨૫૭૫૨ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

## તંત્રી સ્થાનેથી...

# ટ્રમ્પ થકી ભારતને ઝટકા તો લાગ્યા જ છે છતાં બાઈડેન જીતે તો ભારતને ફાયદો....!

અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણી પરિણામો પર સમગ્ર વિશ્વના દેશોની નજર ચોંટી ગઈ છે. તેના પરિણામોની ચાતક નજરે રાહ જોવાઈ રહી છે. જેમાં ભારત પણ બાકાત નથી. પ્રવર્તમાન સ્થિતિ અનુસાર બાઈડેનનું પલ્લુ ભારે છે અને તેની સાથે ભારતનું નામ પણ ઉચ્ચ સ્તરે ઉભરી આવશે કારણકે ઉપરાષ્ટ્રપતિ પદ માટે ભારતીય મહિલા કમલા હેરિસ ચૂંટાઈ આવી શકે..... આ સાથે ભારતીય મૂળના ૧૪ જેટલા મહાનુભાવો સેનેટર તરીકે તેમજ રાજ્યોમાં ચૂંટણી જીતી ગયા છે. આ બધી બાબતો વચ્ચે બાઈડેન ચૂંટણી જીતી જાય તો ભારતને લાભકારી છે કે નુકસાન કરતા તે બાબતની ચર્ચા રાજકીય ક્ષેત્રે, ઉદ્યોગિક ક્ષેત્રે અને જાગૃત લોકોમાં ચાલી રહી છે.જેનુ કારણ અમેરિકામાં હાલમાં વિવિધ ઊભી થયેલી ઘટમાળને કારણે છે. અમેરિકામાં અત્યારે કેટલાક વિસ્તારોમાં સ્ફોટક સ્થિતિ બની ગઈ છે...ટ્રમ્પ અને બાઈડનના ટેકેદારો વચ્ચે મારામારી,તોડફોડ, આગ લગાડવા સહિતના બનાવો બની રહ્યા છે. અત્યારે પણ એક બીજાના ટેકેદારો ?વચ્ચે આમને-સામને વિરોધ પ્રદર્શિત થઈ રહ્યા છે. બીજી તરફ મત ગણતરી ચાલી રહી છે અને ખાસ તો ટ્રમ્પે જાહેરમાં કહ્યું હતુ કે મતદાનમાં ગરબડ થઈ છે કે દગાખોરી થઈ છે તે માટે કોર્ટમાં જઈ રહ્યો છું. અને અમેરિકાની કોર્ટમાં કેસ કરવા દોડી ગયા અને અમેરિકાની ૬ જેટલી કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા પરંતુ જ્યોર્જિયાની અને મિશિગન કોર્ટે ટ્રમ્પના દાવાને ફગાવી દીધો. જેના કારણે ટ્રમ્પના ટેકેદારો વધુ ભુરાટા થયા છે અને વિવિધ સ્થળો પર તોડફોડ,તોફાનો,હિસા ઉપર ઉતરી ગયા છે.જો કે પોલીસે કેટલાક તોફાનીઓની ધરપકડ કરી છે. ત્યારે એક વાત સ્પષ્ટ છે કે ટ્રમ્પ રાષ્ટ્રપતિપદ ગુમાવવા માગતા નથી અને સત્તા મોહ છોડી શકતા નથી. જો ટ્રમ્પની હાર થાય તો અમેરિકાના ઈતિહાસમાં રાષ્ટ્રપતિ હારવાની ઘટના પ્રથમ બની રહેશે......!

અમેરિકામાં સેનેટર તરીકે રહી ચૂકેલા તેમજ વિદેશ નીતિના મુદ્દાઓથી દશકાથી જોડાઈને કામ કરતા એવા બાઈડેનના અનુભવ અનુસાર અગાઉના સમયમાં જાહેરમાં નિવેદન કર્યું હતું કે ભારત અને અમેરિકા કુદરતી સહયોગી હોવા જોઈએ... અમોને ભરોસો છે કે ભારત અને અમેરિકા એક દિવસ નજીક આવી જશે.... ભારત અને અમેરિકા વચ્ચે જ્યારે ન્યૂક્લિયર ડીલ થવાની હતી ત્યારે અમેરિકાના સેનેટરોને ડીલને સમર્થન આપવા કહ્યું હતું.બાઈડેન દૂરદર્શી છે ટ્રમ્પની જેમ બટકબોલા નથી. વડાપ્રધાન મોદીજી સાથે મિત્રતા હોવા છતાં ટ્રમ્પે ભારતના કેટલાક ઝટકા પણ આપ્યા છે... જેમાં ભારતના ઉત્પાદનો ઉપર ટેરિફ વધારી છે, કાશ્મીર મુદ્દે મધ્યસ્થી બનવાની ઓફર કરી, એચ-વન બી વિઝા પર પાબંધી જેવા કેટલાક મુદ્દા એ ભારતને ભીસમાં મૂકવાના નિર્ણય કરેલા છે. ત્યારે બાઈડેન સમજી-વિચારીને નિર્ણય કરવા વાળા છે.બાઈડેન રાષ્ટ્રપતિ બને તો ભારતને નુકસાન તો નથી જ પરંતુ આર્થિક સંબંધો મજબૂત થશે.આઈટી ક્ષેત્રની કંપનીઓને લાભ થશે.એચ વન બી વિઝા પરની પાબંધી હટાવશે જેનો લાભ ભારતને વધુ છે. તેમ જ ભારતીયોને વધુ ગ્રીનકાર્ડ મળશે જેથી તેઓ અમેરિકામાં વસી શકે. ઉપરાંત તેમની ખાસિયત એ છે કે સલાહકારોની વાત સાંભળે છે. ટ્રમ્પની જેમ નાસુની કરતા નથી. ત્યારે એક વાત સ્પષ્ટ છે કે તેઓ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય તો ભારતને નુકસાન નથી. આ બધી બાબતો વચ્ચે અત્યારે પાંચ રાજયોની મતગણના ચાલી રહી છે. તેના ઉપર ટ્રમ્પ અને બાઈડેનની જીતનો મદાર છે. જોકે બાયડેન ૨૬૪ ઈલેક્ટ્રોરલ વોટ આપે ટ્રમ્પ ૨૧૪ વોટ પર છે... જોકે ઈંગ્લેન્ડમાં સટ્ટાબજારમાં ટ્રમ્પ પનઃ ચૂંટાય તેવું ચાલી રહ્યું છે..... છતાં શનિવારે સાજ સુધીમા પરિણામની રાહ જોવી રહી.....! વંદે માતરમ

# અમિત શાહે ૨૯૪ વિધાનસભા બેઠકોમાંથી ૨૦૦ બેઠકો જીતવાનો લક્ષ્યાંક બનાવ્યો

કોલકાતા,તા.૬



પશ્ચિમ બંગાળમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે હલચલ તેજ થઇ ગઇ છે. ગૃહમંત્રી અમિત શાહ બે દિવસના બંગાળ પ્રવાસ પર પહોંચ્યા છે. આ સમય દરમિયાન અમિત શાહે ૨૯૪ વિધાનસભા બેઠકોમાંથી ૨૦૦ બેઠકો જીતવાનો લક્ષ્યાંક બનાવ્યો. તેમણે એમ પણ કહ્યું કે બંગાળમાં આ વખતે પરિવર્તન થવાનું છે. જો કે તેની સાથે એ પણ સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું બંગાળના મમતા રાજમાં ભાજપ માટે આ લક્ષ્યાંક હાંસલ કરવો શક્ય છે? અમિત શાહે આની પાછળ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીનો તર્ક આપ્યો છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૪૨ માંથી ૨૨ બેઠકો જીતવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. પાર્ટીએ આ ચૂંટણીમાં ૧૮ બેઠકો જીતી હતી. અમિત શાહે એમ પણ કહ્યું કે બંગાળની પ્રજાને મમતા સરકાર પ્રત્યે નારાજગી છે. બંગાળની જનતા ભાજપ સરકાર પર વિશ્વાસ ધરાવે છે. તેમણે ભાજપના કાર્યકરોને મમતા સરકારને જડમૂળથી કાઢવાનું આહ્વાન કર્યું છે. પૂર્વ ભાજપ અધ્યક્ષ અમિત શાહે કહ્યું હતું કે 'લોકો હસતા હતા જ્યારે મેં કહ્યું હતું કે ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ બંગાળમાં ૨૦-૨૨ બેઠકો જીતશે અને અમે લગભગ તે લક્ષ્યની આસપાસ પહોંચી ગયા હતા. આજે પણ હું બાંકુરાને કહું છું કે હવે ભાજપ બંગાળમાં ૨૦૦ થી વધુ બેઠકો જીતીને સરકાર બનાવા જઈ રહ્યું છે. જેને હસવું હોય તે હસે, આપણે પ્રામાણિકતાથી કામ કરવાનું છે. અમિત શાહે કહ્યું કે તેઓ મમતા બેનર્જી સરકાર સામે લોકોની નારાજગીને મહેસૂસ કરી શકે છે. તેની સાથે જ તેમણે લોકોને ૨૦૨૧માં તૃણમૂલ સરકારને જડમૂળથી કાઢવાનું આહ્વાન કર્યું. પુઆબાગાનમાં આદિવાસી આઈકન બિરસા મુંડાની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પિત કર્યા બાદ શાહે કહ્યું, 'ગઈકાલે (બુધવાર) થી હું બંગાળમાં છું.

હું જ્યાં ગયો ત્યાં ઉષ્માભેર સ્વાગત થયું. આ સરકારની સામે લોકોનો ભારે રોષ છે અને મોદી સરકારમાં મજબૂત વિશ્વાસ છે. ગુરુવારે અમિત શાહે બાંકુરામાં ભાજપની સંગઠન બેઠકમાં ભાગ લીધો હતો. દરમિયાન શાહે ભાજપ કાર્યકરોને સખત મહેનત કરવાનો સંકલ્પ લેવાનું આહ્વાન કર્યું જેથી કરીને ૨૦૦ બેઠકોનો લક્ષ્યાંક પૂરો થઈ શકે. બેઠકમાં તેમણે એમ પણ કહ્યું હતું કે ભાજપ રાજ્ય એકમને સત્તા પર આવવા માટે તૃણમૂલ કોંગ્રેસ સામે આકરો મુકાબલો કરવો પડશે. જો કે, ભાજપ માટે ૨૦૦ બેઠકોનો લક્ષ્યાંક એટલો સરળ નથી. એ સાચું છે કે બંગાળમાં રાજકીય હિંસા અને ભાજપના કાર્યકરોની હત્યા મામલે મમતા સરકાર ખુલ્લી પડી ગઇ છે, પરંતુ બંગાળમાં ઘૂસવાની ભાજપની દરેક વ્યૂહરચના અંગે પણ તે

# તુળજા ભવાની મંદિરના મુદ્દે સાધુઓનું આંદોલન, મહારાષ્ટ્ર સરકાર અને સાધુઓ વચ્ચે ખેંચતાણ

ઉસ્માનાબાદ,તા.૬

મહારાષ્ટ્રની કૂળદેવી મનાતાં તુળજા ભવાની મંદિર ખોલવાના મુદ્દે સાધુઓ અને મહારાષ્ટ્ર રાજ્ય સરકાર વચ્ચે ખેંચતાણ શરૂ થઇ હતી. ઉસ્માનાબાદમાં આવેલા તુળજા ભવાની મંદિરની આસપાસ રાજ્ય સરકારે ૧૪૪મી કલમ લાગુ પાડી દીધી હતી. ભાજપની આધ્યાત્મિક સમન્વય સમિતિના અધ્યક્ષ અને સાધુ તુષાર ભોંસલેએ થોડા દિવસ પહેલાં રાજ્ય સરકારને એવી ચેતવણી આપી હતી કે રાજ્યનાં મંદિરો ખોલો અથવા કમ સે કમ મને કૂળદેવી તુળજા ભવાનીના દર્શન કરવા દો.

મારી માગણી નહીં સ્વીકારાય તો હું તુળજા ભવાની મંદિરના પ્રાંગણમાં આમરણ ઉપવાસ કરીશ. મહારાષ્ટ્ર સંત સમાજે પણ રાજ્ય સરકારને ચેતવણી આપી હતી કે ચોવીસ કલાકમાં આ મુદ્દે કોઇ નિર્ણય લો નહીં તો સાધુસંતો આંદોલન કરશે. રાજ્ય સરકારે એવી દલીલ કરી હતી કે મંદિરોમાં ભીડ થવાથી કોરોનાના કેસ બેફામ વધી જવાની શક્યતા હતી. તુળજા ભવાની મંદિરની આસપાસ ૩૦૦ મીટર સુધીના વિસ્તારમાં આજે મધરાત સુધી ૧૪૪મી કમલ લાગુ રહેશે એવું રાજ્ય સરકારના પ્રવક્તાએ કહ્યું હતું.

રાજકીય નિષ્ણાતો માને છે કે ભાજપ કોઇ પણ ભોગે રાજ્ય સરકારનું પતન ઇચ્છે છે. થોડા દિવસ પહેલાં રાજ્યપાલ ભગત સિંઘે પણ રાજ્ય સરકારને પત્ર લખ્યો હતો કે શરાબની દુકાનો અને બાર ખોલો છો તો મંદિરો કેમ બંધ છે. શું શિવસેના સેક્યુલર થઇ ગઇ છે. ભગત સિંઘના આ પત્રે હોબાળો સર્જ્યો હતો અને એનસીપીના શરદ પવારે તો વડા પ્રધાનને પત્ર લખીને રાજ્યપાલના વર્તન વિશે ફરિયાદ કરી હતી.

# હવે વોટ્સએપ દ્વારા કરી શકાશે પૈસાની લેવડ દેવડ, યુપીઆઈ સેવાની મળી મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૬

ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વૉટ્સએપ યૂઝર્સ હવે ભારતમાં ક્યાંય પણ એપ પરથી પૈસાની લેવડ દેવડ કરી શકશે. વોટ્સએપના માધ્યમથી અન્ય વૉટ્સએપ યૂઝર્સને યૂપીઆઈ આઈડી દ્વારા પૈસા મોકલી શકાશે. હકિકતમાં નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાએ દ્વારા આ સેવા શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. વોટ્સએપનું ભારતમાં બે વર્ષથી ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. પેમેન્ટ મેથડમાં કેટલીક સમસ્યાઓ આવી રહી હતી એના કારણે આ સેવા લૉન્ચ નહોતી થઈ રહી. આ સર્વિસ યુપીઆઈ આધારીત છે.

જેવી રીતે પેટીએમ, ફોન પે કે ગૂગલ પે કામ કરે છે તેવી રીતે જ કામ કરશે. યુપીઆઈ સેવા વોટ્સએપ સાથે શરૂ થવાથી તમે વોટ્સએપમાંથી તમારાં મોબાઈલનું રિચાર્જ કરી શકશો, બીલ ભરી શકશો, રોકડ રકમ ટ્રાન્સફર કરી શકશો. શક્ય હશે ત્યા સુધી એના માધ્યમથી અન્ય એપની જેમ ખરીદી કરવાના ઓપ્શન પણ મળી શકશે. નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાની વેબસાઈટ મુજબ હાલમાં રોજ એક ખાતામાંથી પ્રતિદિન ૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી શકાય છે. એના માટે તમારે તમારી બેંકનો સંપર્ક કરવાનો રહેશે. એનપીસીઆઈએ યુપીઆઈના પ્રોસેસ્ડ ટ્રાન્જેક્શન વોલ્યૂમ પર ૩૦ ટકાની મર્યાદા મૂકી છે. આ નિયમ ૧ જાન્યુઆરીથી લાગુ થશે. એનપીસીઆઈએ એક પ્રેસ નોટમાં જણાવ્યું કે આ મર્યાદ મૂકવાનું કારણ રોજના ૨ અબજ ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા હોવાના આંકડા અને ભવિષ્યનો ગ્રોથ છે. આ વ્યવસ્થાને જોખમ રહિત આગળ લઈ જવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

# 'વર્ક ફ્રોમ હોમ'ના પગલે સરકારે આઈટી આધારિત સેવાઓ માટેની ગાઈડલાઈનને સરળ બનાવવાની જાહેરાત કરી

ન્યુ દિલ્હી,તા.૬

'વર્ક ફ્રોમ હોમ'ના પગલે સરકારે બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ, આઈટી આધારિત સેવાઓ માટેની ગાઈડલાઈનને સરળ બનાવવાની જાહેરાત કરી છે. આ ઈન્ડસ્ટ્રીના પાલનના ભારને ઘટાડશે અને કોરોનરી સમયગાળામાં ઘરેથી કામ કરવાની પ્રથામાં પણ મદદ કરશે. સરકારના નવા નિયમો અનુસાર અન્ય કંપનીઓ માટે ઘરેથી કામ કરવા અને ગમે ત્યાંથી કામ કરવા માટે સામાન્ય વાતાવરણ રહેશે. જ્યારે સમય-સમય પર રિપોર્ટિંગ અને કાર્યાલયની અન્ય પ્રતિબદ્ધતાઓને પણ ખતમ કરી દીધી છે. તમને જણાવી દઈએ કે ઈન્ડસ્ટ્રી લાંબા સમયથી વર્ક ફ્રોમ હોમના મામલામાં રાહતની માંગ કરી રહી છે અને તેને સ્થાયી રીતે યથાવત રાખવાના પક્ષમાં છે.

જણાવી દઈએ કે ઓએસએપી કંપનીઓ તે છે કે જે ટેલિકોમ્યુનિકેશન્સ સંસાધનો દ્વારા એપ્લિકેશન અને આઈટી ક્ષેત્ર અથવા કોઈપણ પ્રકારની આઉટસોર્સિંગ સેવાઓ પૂરી પાડે છે. આ કંપનીઓને આઈટી, કોલ સેન્ટર્સ, બીપીઓ અને જ્ઞાન પ્રક્રિયા આઉટસોર્સિંગ કંપનીઓ કહેવામાં આવે છે.

દૂરસંચાર વિભાગની નવી માર્ગદર્શિકા ઘરેથી કામ કરવાની ધારણાને વેગ આપશે. આમાં, ઘરથી કામ ક્યાંય પણ વધારવામાં આવી રહ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વિસ્તૃત રિમોટ એજન્ટ/ એજન્ટની સ્થિતિ ચોક્કસ શરતો સાથે મંજૂરી મળી ગઇ છે. નવા નિયમો કંપનીઓને ઘરેથી કામ કરવા અને ગમે ત્યાંથી કામ કરવા માટે અનુકૂળ વાતાવરણ બનાવશે. કંપનીઓ માટે સમયાંતરે રિપોર્ટિંગ અને અન્ય પ્રતિબદ્ધતા દૂર કરવામાં આવી છે. એક અધિકારીક પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે તેનો ઉદ્દેશ ઉદ્યોગને મજબૂત બનાવવાનો છે. આમાં ઘરે એજન્ટને ઓએસએપી કેન્દ્રનો રિમોટ એજન્ટ કહેવામાં આવશે અને ઓફિસમાં અન્ય અધિકારીઓનો સંપર્ક કરવાની મંજૂરી આપવામાં આવશે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર ઘરેથી કામની કલ્પનાને ઉદાર બનાવવાનો ઉદ્દેશ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો અને દેશને સૌથી વધુ સ્પર્ધાત્મક આઈટી ક્ષેત્ર તરીકે નવી ઓળખ આપવાનો છે. હાલ આ નવા નિયમો હેઠળ આ કંપનીઓને 'વર્ક ફ્રોમ હોમ' અને 'વર્ક ફ્રોમ એનિવેયર' સંબંધિત નવી નીતિઓ અપનાવવામાં પણ મદદ કરશે.

## દરભંગામાં અપક્ષ ઉમેદવાર પર ગોળીબાર, સ્થિતિ ગંભીર

પટના,તા.૬

બિહારમાં દરભંગાના હાયાઘાટ વિધાનસભા બેઠકના અપક્ષ ઉમેદવાર રવીન્દ્રનાથ સિંઘ ઉર્ફે ચિંટુ સિંઘને ગુરુવારે મોડી રાત્રે અજાણ્યાઓએ ગોળી મારી દીધી હતી. હૉસ્પિટલમાં એની સ્થિતિ ગંભીર હોવાનો અભિર્યા ડૉક્ટરોએ આપ્યો હતો. હજુ તો ગુરુવારે સાંજે બિહાર વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાની પ્રચાર ઝુંબેશ પૂરી થઇ હતી. ચિંટુ સિંઘ પોતાની કારમાં જઇ રહ્યા હતા ત્યારે કાર રોકીને બદમાશોએ એમને બે ગોળી મારી હતી. એમને ગંભીર સ્થિતિમાં હૉસ્પિટલમાં લઇ જવાયા હતા.

પોલીસે કહ્યું હતું કે ચિંટુ સિંઘ પોતાનો પ્રચાર પતાવીને પોતાના ગામ દુગૌલી તરફ પાછા ફરી રહ્યા હતા. એ દરમિયાન એમને કોઇનો ફોન આવ્યો હતો. ત્યારબાદ કોઠરી વિસ્તારમાં બદમાશોએ તેમની કાર રોકી હતી અને એમના પર બે ગોળીબાર કર્યા હતા. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અશોક પ્રસાદે કહ્યું હતું કે ગોળી મારવાના કારણની અમને જાણ નથી. ચિંટુ સિંઘ હોશમાં આવે અને માહિતી આપે ત્યારબાદ કંઇક ખબર પડે. પોલીસ હુમલાખોરોની તપાસ કરી રહી હતી. હાયાઘાટ બેઠક પર ચિંટુ સિંઘ ઊભા રહેવાથી અહીંનો ચૂંટણી જંગ ત્રિકોણ બની ગયો હતો. અત્યાર પહેલાં માત્ર ભાજપ અને રાજદ વચ્ચે જંગ હતો. ભાજપે રામચંદ્ર સાહુને અને રાજદે ભોલા યાદવને ઊભા રા હતા. પરંતુ ચિંટુ સિંઘની વગ અહીં ઘણી હતી.

# ભાજપની પોસ્ટર ગર્લ શાંતિપ્રિયાએ બસપાની પ્રચારક બનતા પાર્ટીની હાલત કફોડી થઈ

પટના,તા.૬

બિહારમાં ભાજપ-જેડીયુની પોસ્ટર ગર્લ શાંતિપ્રિયાએ માયાવતીની બસપાનો પ્રચાર કરવા માંડતાં ભાજપ-જેડીયુની હાલત કફોડી થઈ ગઈ છે. ભાજપ-જેડીયુને છોડીને શાંતિપ્રિયા પશ્ચિમ ચંપારણ જિલ્લાની લૌરીયા વિધાનસભા બેઠક પર બસપાના ઉમેદવાર ગુડ્ડુ સિંહ માટે મત માંગી રહી છે. ગુડ્ડુ સિંહ સામે ભોજપુરી ગાયક વિનય બિહારી મેદાનમાં છે.

ભાજપ-જેડીયુએ 'આત્મનિર્ભર બિહાર'ના મુદ્દે ઉગ્ર પ્રચાર કર્યો હતો. આ અભિયાનમાં જાણીતી ભોજપુરી ગાયિકા શાંતિપ્રિયાને પોસ્ટર ગર્લ બનાવાઈ હતી. શાંતિપ્રિયાએ ભાજપનાં પોસ્ટર, હોડગ્સ, વીડિયો વગેરેમાં સાડી પહેરીને ભાજપ-જેડીયુને મત આપવાની અપીલ કરી હતી. ભાજપના ચૂંટણી ઢંઢેરોના કવર પેજ પર પણ શાંતિપ્રિયાની તસવીર છે. હવે શાંતિપ્રિયા કહી રહી છે કે, હું એક કલાકાર છું અને કોઈની પણ સાથે કામ કરવા માટે સ્વતંત્ર છું, મને જ્યાં વધારે સન્માન મળશે ત્યાં હું કામ કરીશ. શાંતિપ્રિયાના આ નિવેદન પછી જોક ચાલી રહી છે કે, ભાજપ-જેડીયુના પ્રચારમાંથી પ્રેરણા લઈને શાંતિપ્રિયા પણ 'આત્મનિર્ભર' થઈ ગઈ. લોકો એવી મજા લઈ રહ્યા છે કે, શાંતિપ્રિયાના સન્માનની કિંમત શું છે એ તો પૂછો ?

# रशियन सेनानी એક ટુકડી સંયુક્ત સૈન્ય અભ્યાસ માટે પાકિસ્તાન પહોંચી

ન્યુ દિલ્હી/મોસ્કો,તા.૬


રશિયા અને પાકિસ્તાની નજદીકી સતત વધતી જઈ રહી છે. રશિયાએ સેનાની એક ટુકડી ગુરુવાર સંયુક્ત સેન્ય અભ્યાસ માટે પાકિસ્તાન પહોંચી ગઈ છે. પાકિસ્તાન અને રશિયાની સેનાની વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસને DRUHZBA-5 નામ આપ્યું છે.

પાકિસ્તાની સેનાએ ટ્વીટ કરી આની જાણકારી આપી હતી. પાકિસ્તાની સેના તરફથી આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાન અને રશિયાની વચ્ચે આ ૫મો સંયુક્ત સેના અભ્યાસ છે. આ સંયુક્ત અભ્યાસ ૨ અઠવાડિયા ચાલશે. આ અભ્યાસનો હેતું આતંકવાદને પહોંચી વળવા બન્ને દેશોના અનુભવોને શેર કરવાનો છે. આ અભ્યાસ ૨૦૧૬થી બન્ને દેશો વચ્ચે દર વર્ષે થાય છે.

તેમાં આતંકવાદ વિરોધી અને વિશેષ સૈન્ય ઓપરેશન પણ સામિલ છે. અભ્યાસમાં સ્કાય ડાઈવિંગ અને બંધકોને છોડાવવા જેવી ગતિવિધિઓ કરવામાં આવે છે. રશિયાના પાકિસ્તાન સાથેના સૈન્ય અભ્યાસની ભાગીદારીને લઈને ભારત વિરોધ કરતું રહ્યું છે. ભારતે રશિયાને અનેક વાર વાંધો વ્યક્ત કરતા કહ્યું કે આતંકવાદને છાવનારા પાકિસ્તાન સાથે સેન્ય અભ્યાસ અયોગ્ય છે. આનાથી સમસ્યા વધશે. જોકે રશિયાએ તેને ધ્યાન પર નથી લીધું. શીતયુદ્ધ સમયે પાકિસ્તાને રશિયા વિરોધી જૂથ એટલે કે અમેરિકાનો સાથે આપ્યો હતો. જોકે નવા વૈશ્વિક ક્રમમાં બન્ને દેશોની વધતી નજદીકી ભારત માટે ચિંતાજનક છે.

ઉલ્લેખનીય છે કે ગત કેટલાક વર્ષોમાં રશિયાએ તાલિબાન સાથે સંપર્ક વધાર્યો છે જે ભારતના વલણથી વિરુદ્ધ છે. રશિયા પોતે પણ તાલિબાનીઓની વિરુદ્ધ નોર્ધન એલાયન્સને સમર્થન આપે છે. તાલિબાન પર પાકિસ્તાનનો સારો એવો પ્રભાવ છે. જો કે રશિયા અફઘાનિસ્તાનમાં નવી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી પાકિસ્તાનને એક મહત્વ પૂર્ણ ભૂમિકામાં જોઈ રહ્યું છે. જયારે પાકિસ્તાન રશિયા અને ચીન સાથે પોતાનું ભવિષ્ય જોઈ રહ્યું છે.

# हमारे spi के राष्ट्रीय महिला रागिनी चतुर्वेदी के अनुज भाई श्री संजीव चतुर्वेदी ( टैटू ) देहान्त हो गया



देश के spi ki राष्ट्रीय कार्यकारिणी ओर सभी राज्यों की प्रदेश महिला की साथ पूर्ण कार्यकारिणी,प्रवक्ता गण परिवारों की ओर से अपने परिवार की ऑर्से इस सेनापति सिपाई को भगवान परशुराम,देवाधिदेव महादेव उनकी आत्मा को शांति दे ऐसी प्रार्थना करते है।

श्री परशुराम इंटरनेशनल राष्ट्रीय अध्यक्ष नवीन शर्मा,उपाध्यक्ष,महासचिव,प्रवक्ता गण

# અમેરિકામાં ૨૪ કલાકમાં ૧.૧૬ લાખ કેસ, હુંએ કહ્યું- યુરોપમાં સ્થિતિ વધુ ખરાબ

વોશિંગ્ટન,તા.૬

વિશ્વમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪.૯૦ કરોડથી વધુ થઈ ગયો છે. ૩ કરોડ ૪૯ લાખ ૭ હજાર ૧૨૦ દર્દી રિકવર થઈ ચૂક્યા છે. અત્યારસુધીમાં ૧૨.૩૮ લાખથી વધુ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. આ આંકડા www.worldometers.info/coronavirus મુજબના છે. અમેરિકામાં કોરોના વાઈરસનો કહેર ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. અહીં ૨૪ કલાકમાં એક લાખથી વધુ કેસ પ્રકાશમાં આવ્યા છે. યુરોપમાં તો સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. એને લઈને ×હું×એ વોર્નિંગ પણ આપી છે. અમેરિકામાં સંક્રમણની ગતિ ખૂબ જ ઝડપથી વધી રહી છે. ચૂંટણીની અનિશ્ચિતતાને કારણે સંક્રમણના વધી રહેલા કેસ બાબતે વધુ ધ્યાન અપાઈ રહ્યું નથી. ધ ગાર્જિયનના જણાવ્યા મુજબ, ૮ દિવસમાં ત્રીજી વખત આંકડો એક લાખથી વધુ થયો છે. બુધવારે અહીં ૧ લાખ ૧૬ કેસ પ્રકાશમાં આવ્યા છે.

એના એક દિવસ પહેલાં જ મંગળવારે એક લાખ ૧૪ હજાર કેસ પ્રકાશમાં આવ્યા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, એટલે કે ×હું×ના જણાવ્યા મુજબ,



યુરોપમાં સ્થિતિ ઝડપથી બગડી રહી છે અને એ ખતરનાક સ્તરે પહોંચવા લાગી છે. ફ્રાન્સ, જર્મની, સ્પેન, બેલ્જિયમ અને ઈટાલીમાં કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થઈ રહી છે. ફ્રાન્સમાં દરેક દિવસે ૫૦ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવી રહ્યા છે. આ સિવાય જર્મની અને બેલ્જિયમમાં ૩૦ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવી રહ્યા છે. સરકારની સમસ્યા એ છે કે તે જ્યારે સખ્તાઈ કરે છે ત્યારે વિરોધ શરૂ થઈ જાય છે. સંગઠને યુરોપ પ્રભારી હેન્સ ક્લૂઝે કહ્યું- અમે અહીં કોરોના વિસ્ફોટ જોઈ રહ્યા છે. ૧૦ લાખથી વધુ કેસ ૨ દિવસમાં પ્રકાશમાં આવ્યા છે. આપણે ખૂબ જ ઈમાનદારીથી આ સ્થિતિનો સામનો કરવો પડશે.

ફ્રાન્સમાં લોકડાઉનની અસર થઈ નથી. બીજું લોકડાઉન લાગ્યું ને લગભગ એક સપ્તાહ વીતી ગયું છે, જોકે અત્યારસુધીમાં સંક્રમણના દરમાં કોઈ ઘટાડો આવ્યો નથી. બુધવારે પણ અહીં ૫૦ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવ્યા છે. આ દરમિયાન એક હજાર લોકોને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે. બીજી તરફ લોકડાઉન છતાં કેસ વધ્યા બાદ અમેન્યુઅલ મેક્રોન સરકાર દબાણમાં છે. લોકોનું કહેવું છે કે લોકાડાઉન હટાવી લેવું જોઈએ, કારણ કે એની કોઈ અસર દેખાઈ રહી નથી. પ્રત્યેક દિવસે કેસો વધી રહ્યા છે. દેશમાં અત્યારસુધીમાં કુલ કેસ લગભગ ૧૫ લાખ થઈ ચૂક્યા છે.

### મુંબઈના દાતા નંદપ્રભા પરિવાર દ્વારા માતબર રકમનું દાન

# વાપી જિલ્લામાં મુંગા પશુઓની સારવાર માટે એબ્યુલન્સનું લોકાપર્ણ




પારડી તાલુકાનાં ખડકી ગામે ટિંકું મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત ટિક્સ ડોગ હાઉસને મુંગા પશુઓની સુવિધાયુકત આધુનીક એબ્યુલન્સ મુંબઈના નંદપ્રભા પરીવારે દાનમાં આપી હતી. વાપી જિલ્લામાં મુંગા પશુઓ માટે કોઈપણ સ્થળે અકસ્માત થાય તો તેમને સ્થળ પર સારવાર ન મળતા તેઓ મૃત્યુ પામતા હતા. ટિંકુસ ડોગ હાઉસનાં સંચાલક નિલેશ રાયચુરા અને શ્રી શીતલબેન રાયચુરા છેલ્લા ૨૦ વર્ષથી મુંગા પશુઓની સારસંભાળ લઈ અનોખી સેવાનું કામ કરી રહયાં છે. તે માટે તેમણે ખડકી સ્થિત મુંગા પશુઓની સારસંભાળ રાખી શકાય તે માટે ડોગ હાઉસ બનાવ્યું છે. મુંગા પશુઓને અકસ્માત થાય તો તે માટે કોઈ સાધનસામગ્રી ન હોવાથી તેનું મૃત્યુ થતું હોય છે. હાઈવે પર ગાય અને શ્વાનોને અકસ્માતના કારણે મોત થતાં રહે છે. હવે તેમને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે એબ્યુલન્સ દાનમાં મળતાં મુંગા પશુઓને બચાવી શકાશે. આ અંગે વિશેષ માહિતી આપતા નિલેશભાઈ રાયચુરા,શીતલબેન રાઈચુરા એ જણાવ્યું હતુ કે, મુંબઈના નંદપ્રભા પરીવારે તેઓની કામગીરી જોઈને તેઓએ મુંગા પશુઓને તાત્કાલીક ઈમરજન્સી સારવાર મળી રહે તે માટે રીક્સ મેમોરીયલ ટ્રસ્ટને આધુનીક સુવિધાવાળી એબ્યુલન્સ દાનમાં આપી હતી.

મુંગા પશુઓની ઈમરજન્સી નિ:શુલ્ક સારવાર માટે વાપી મો. ૮૯૮૦૮ ૩૮૮૮૮ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# નક્કર વાસ્તવિકતા, હકારાત્મક અભિગમ અને દ્રઢમનોબળ વડે કેન્સર ને પરાસ્ત કરી જિંદગીને જીતીએ: અનિલ કક્કડ



૭ નવેમ્બરના દિવસને પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ ક્યુરીની જન્મજયંતિ સાથે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ તરીકે ઘોષિત કરાયો છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન ડો.હર્ષ વર્ધન દ્વારા ૨૦૧૪ માં જાહેરાત કરી હતી કે વહેલી તકે તપાસ અંગે જાગૃતિ લાવવા ૭ નવેમ્બર દર વર્ષે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવશે.રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ કેન્સર નિવારણ વિશે જાગૃતિ લાવવા અને સામાન્ય લોકો માટે વહેલી તકે તપાસના મહત્વને ઉજાગર કરવા ઉજવવામાં આવે છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૧ મિલિયન નવા કેસ આવી રહ્યા છે.

આમાંથી, કેન્સરના બે તૃતીયાંશ નિદાન મોડા તબક્કે નિદાન કરવામાં આવે છે, જેનાથી દર્દીઓના જીવવાની સંભાવના ઓછી થાય છે. એક એવો અંદાજ છે દેશમાં ચાલીસ ટકા કેન્સર તમાકુને કારણે થાય છે. સ્ત્રીઓમાં ગર્ભાશય અને સ્તન કેન્સર સામાન્ય છે.પુરુષોમાં મૌખિક પોલાણ (ઓરલ કેવીટી)અને ફેફસાંના કેન્સરનાં મોત ૨૫% છે, પુરુષો અને સ્ત્રીઓમાં ૨૦૧૮ માં તમાકુ અને ધૂમ્રપાન ના કારણે ત્રણ લાખ થી પણ વધારે મૃત્યુ થયા હતા.

આ માટે આપણી આસપાસનું વાતાવરણ, આહાર-વિહાર, વ્યાયમનો અભાવ, જીવનશૈલી, તણાવ, પ્રદુષણ, ધુમ્રપાન, નશીલાદ્રવ્યોનું સેવન, પારિવારીક હિસ્ટ્રી, કુપોષણ, વ્યવસાય, ચેપ લાગવો, સ્વચ્છતાનો અભાવ જેવા અનેક કારણો પણ જવાબદાર હોય છે. ધૂમ્રપાનનિયંત્રણ, તંદુરસ્ત વજન જાળવી રાખીને, લીલા શાકભાજી, ફળો અને આખા અનાજની ખાદ્યપદાર્થો, કેટલાક ચેપી રોગોસામે રસીકરણ, ખૂબ પ્રોસેસ્ડ અને લાલ માંસ ન ખાવાથી અને સૂર્યપ્રકાશની ખુબજ લાંબી અવગણનાથી દૂર રહેવાથી ઘણાકેન્સરોને રોકી શકાય છે. કેન્સરના મૃત્યુના ૩૦% કરતા વધારે પ્રમાણમાં જોખમી પરિબળોને ટાળવાથી બચાવી શકાય છે, જેમાં તમાકુ, અધિક વજન /સ્થૂળતા, કુપોષિત આહાર, ભૌતિક નિષ્ક્રિયતા, દારૂ, સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ચેપ અને વાયુ પ્રદૂષણ નો સમાવેશ થાય છે.

ગુજરાત રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ના નિવૃત નાયબ કમિશ્નરશ્રી અનિલ કક્કડ ના જણાવ્યા મુજબ પૃથ્વી ઉપર હજુ એવા અનેક રોગો છે, જેની સામે વિજ્ઞાન અને ટૅક્નોલૉજીએ હજી વધારે સંઘર્ષ કરવાની આવશ્યકતા છે જેથી મનુષ્ય જીવનને થતા અકાળ નુક્સાનથી બચાવી શકાય. એક સમયે કેન્સરને જટીલ વ્યાધિ ગણી તેના માટે કેન્સલ કહેવાતુહતુ.વર્તમાન સમયમાં વિજ્ઞાનની પ્રગતિ, નવા સંશોધનો, અત્યાધુનિક ટૅક્નોલૉજી, નિદાન પ્રક્રિયામાં આધુનિકતા, ઉપલબ્ધ નવી દવાઓ ની અસરકારકતા જેવા અનેક પરિબળોદર્દીને કેન્સર રોગ સામેની લડતમાં "વિજય" અપાવવામા સફળ થયા છે તે હકીકત નો ઉલ્લેખ કરી શ્રી કક્કડ એ આજના દિવસે જાહેર જનતા જોગ સંદેશ આપતા જણાવ્યુ હતુ કે વિશ્વ કેન્સર દિવસની સાર્થકતા એટલે કેન્સર પર વિજયનો સંકલ્પ એવો નિર્ધાર કરીએઅનેનક્કર વાસ્તવિકતા, હકારાત્મક અભિગમ અને દ્રઢ મનોબળ વડે કેન્સર ને પરાસ્ત કરી જિંદગીને જીતીએ !!

# "નેત્રમ" ની મદદથી હુમલા અને લૂંટના આરોપીઓ ઝડપાયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા




અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ૩ કરોડના ખર્ચે સીસીટીવી લગાવી નેત્રમ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવા સહીત લૂંટ,હીટ એન્ડ રનની ઘટના, ચોરી સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવામાં નેત્રમ કેમેરા પોલીસને ઉપયોગી સાબિત થઈ રહ્યા છે એકંદરે પોલીસનો ' વિશ્વાસ ' નેત્રમને સથવારે જળવાઈ રહ્યો છે નેત્રમની મદદથી જીલ્લા સેવાસદન નજીક પશુપાલક સાથે રિક્ષામાં પહોંચેલા ૫ શખ્સોએ કરેલ લૂંટ વીથ મારામારીના ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી ટાઉન પોલીસે ૫ હુમલાખોર આરોપી માંથી ૪ આરોપીઓને દબોચી લેવામાં સફળ રહી હતી નેત્રમ પ્રોજેક્ટના પીએસઆઈ એચ.એમ.ગઢવી અને તેમની ટીમે ભારે જાહેમત ઉઠાવી હતી મોડાસા શહેરમાં શામળાજી રોડ પર આવેલ જીલ્લા સેવાસદન કચેરી પાછળ જંગલમાં બાજકોટ ગામના હિતેષભાઈ માલાભાઈ ભરવાડ નામનો પશુપાલક પશુઓ ચરાવી ઘર તરફ પરત ફરી રહ્યો હતો ત્યારે જીલ્લા સેવાસદન કચેરી આગળ રિક્ષામાં આવેલા ૫ શખ્સોએ ગડદાપાટુનો માર મારી ૧.૪૭ લાખની સોનાની ત્રણ તોલાની ચેનની લૂંટ કરી રફુચક્કર થતા ભારે ચકચાર મચી હતી લૂંટનો ભોગ બનેલ પશુપાલકે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો નેત્રમની તીસરી આંખમાં રીક્ષા અને હુમલાખોરો કેદ થતા ટાઉન પોલીસે પશુપાલક પર હુમલો કરી લૂંટ કરનાર ૧)મોહંમદસઈદ હુસેન અ બ દ લ હ ક કારીગર,૨)જાહીદહુસેન ઈશ્નિયાર હુસેન જમાદાર,૩)સલીમ ઉર્ફે નેની ઈબ્રાહિમ ભટ્ટી અને ૪)મહેશ બસુભાઈ ખોખર (તમામ રહે,મોડાસા) ની ધરપકડ કરી અન્ય એક ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા

## કપરાડા માં શિક્ષિત યુવાનો દ્વારા હું પણ નેતા કાર્યાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



વલસાડ તા.૬

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મથક પર હું પણ નેતા કાર્યાલય નું ખાતમુહૂર્ત મહિલા સરપંચ સુખાલા જયશ્રી પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે માજી. પ્રમુખ જિલ્લા પંચાયત વલસાડ પ્રકાશ પટેલ સહિત કપરાડા ના શિક્ષિત યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દેશમાં આઝાદી મળી પણ આઝાદી બાદ આદિવાસી સમાજ ને આઝાદી ના ફળ મળિયા નથી આજની પરિસ્થિતિમાં જાગૃત યુવાનો દ્વારા લોકોની સમસ્યાઓ વિકાસ માટે એક મુહિમ ચલાવી હું પણ નેતા દ્વારા એક સંગઠન બનાવી છેવાડાના માનવી સુધી પહોંચી તમામ પ્રકારની પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે કાર્યાલય નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જે હું પણ નેતા × નું રહશે. જેમાં કોઇ પણ વ્યક્તિ બિનરાજકીય કોઈ સંપ્રદાયના લોકો આવી પડતી મુશ્કેલીઓ વિના મુલ્યે કામ કરવામાં આવશે. લાલચી,સ્વાર્થી,ભ્રષ્ટાચારી રાજકીય,સામાજિક,દેશદ્રોહીઓ,રાજદ્રોહી અને ભ્રષ્ટ અધિકારીઓ,કર્મચારીઓ અને ઉદ્યોગપતિ શાસકો ના દલાલોથી મુક્તિ માટે લોકોને જાગૃત કરવા માટે × હું પણ નેતા × યુવાનો નું સંગઠન અસ્તિત્વ માં આવ્યું છે.

### દિવાળીના પર્વમાં જૈન મંદિરો ખોલવા માટે

# મંદિરની વડી અદાલતે રાજ્ય સરકારને હીયરીંગ આપવા આદેશ કર્યો

મુંબઈની વડી અદાલતમાં જેનોના મંદિરો દિવાળીના પર્વ દરમિયાન ખોલવા માટે એક રીટ-પીટિશન દાખલ કરવામાં આવી હતી. જેના વચગાળાનો આદેશ નીચે પ્રમાણે આવેલ છે તેની અખબારી યાદી આ સાથે બિડેલ છે, જેને ઉચિત સ્થાન આપવા વિનંતી.

દિવાળીના પર્વમાં જૈન મંદિરો ખોલવા માટે મંદિરની વડી અદાલતે રાજ્ય સરકારને હીયરીંગ આપવા આદેશ કર્યો છે

મુંબઈની વડી અદાલતમાં આત્મ કમલ લુબ્બી જ્ઞાન મંદિરટ્રસ્ટ દાદર અને ભાયખલા મોતીશા લેન, જેન સંઘ દ્વારા એક વિશેષ એપ્લિકેશન કરવામાં આવી હતી કે દિવાળી દરમિયાન ધનતેરશથી ભાઈબીજ સુધીના પાંચ દિવસ સવારે અને સાંજે મુકરર સમયે મુંબઈના ૧૦૦થી વધારે શિખરબંધી જિનાલયો દર્શન, વંદન, પૂજન માટે ખોલવામાં આવે. વડી અદાલતે આ બાબતમાં અરજદારો તરફથી શ્રી કેવલભાઈ શાહ અને શ્રીમતી ગુંજનબેન વકીલો દ્વારા કરેલી દલીલોને ધ્યાનમાં લઈને આ બાબત અંગે એક રિમેજેટેશન ડીઝાસ્ટર મેનેજમેન્ટ મહારાષ્ટ્ર સરકારમાં ફાઈલ કરવા જણાયું હતું. તે અરજદારોએ પહેલેથી જ કરી લીધું હતું અને શુક્રવારે સાંજે ૪ કલાકે અરજદારોની હીયરીંગ આપીને તેમનો રિપોર્ટ હાઈકોર્ટમાં મંગળવારે ફાઈલ કરવા માટે સરકારને તાકીદ કરેલી છે.સરકાર તરફથી એવી દલીલ થયેલી હતી કે જૈન દેરાસરોને પરવાનગી આપવામાં આવે તો અન્ય ધર્મના મંદિરોને પણ પરવાનગી આપવી પડે. જયારે વડી અદાલતે ટકોર કરી હતી કે બાર - રેસ્ટોરંટ - સિનેમા વગેરે ફૂલ ટાઈમ જો તમે ચાલુ રાખી શકતા હો તો પછી મંદિરો ખોલવામાં શું વાંધો છે. અને તેઓ તો મર્યાદિત સમય માટે તેમના પર્વના દિવસોમાં ખોલવાની માગણી કરી છે. તો સરકારને શું વાંધો હોય શકે.વડી અદાલતે પોતાના ફાઈનલ જજમેન્ટ આવતા અઠવાડિયે મંગળવારે આપવાનું ઠરાવેલ છે. એડવોકેટ શ્રી પ્રફુલ્લભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ખુબ સારી તૈયારી સાથે આ કેસનું હીયરીંગ કરવામાં આવ્યું હતું

### કલેકટરશ્રી આનંદ પટેલની ગરીબો પ્રત્યે સંવેદના

# ફૂટપાથ પર રહેતા ગરીબોને દિવાળીના તહેવારોને અનુલક્ષી મીઠાઈનું વિતરણ કર્યુ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલની



ગરીબો પ્રત્યેની સંવેદનાની જિલ્લાવાસીઓ સરાહના કરી રહ્યા છે. આગામી સમયમાં દિવાળી, નૂતન વર્ષ અને ભાઈભીજ જેવા તહેવારો આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલના નેતૃત્વમાં જિલ્લાના મહેસૂલી અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અનોખો સેવાયજ્ઞ આદરવામાં આવ્યો છે. બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલે પાલનપુર શહેરમાં ફૂટપાથ પર રહેતા અત્યંત ગરીબ લોકોને ગઈકાલે સાંજે મીઠાઈનું વિતરણ કર્યું હતું. કલેકટરશ્રીએ જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લાના મહેસૂલી પરિવાર દ્વારા ફુટપાથ પર રહેતાં ગરીબ પરિવારોને સાંજનું ભોજન મળી રહે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્યારે ૨૦ થી ૨૫ લોકોને ભોજન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. આગળ જતાં તેમની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી આ સેવા વિસ્તારવામાં આવશે.

મીઠાઈ વિતરણ પ્રસંગે નિવાસી અધિક કલેકટરશ્રી એ. ટી. પટેલ, પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવા, નાયબ મામલતદારશ્રીઓ સહિત મહેસૂલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



**પાટણ જિલ્લા ના ચંદ્રુમાના ગામ નિવાસી અમારા મોસાળ ના મોભી સ્વ.ચુનીલાલ રેવશંકર વ્યાસ નું દુઃખદ અવસાન થયું છે.ભગવાન તેમના આત્માને શાંતિ આપે તેવી અમો ચારેય ભાઈ ,ભાણિયા પરિવાર વતી મહાદેવ ને પ્રાર્થના....**

**પ્રદીપ રાવલ**

## સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર દ્વારા ફ્રેશર્સ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર દ્વારા તા. ૦૬.૧૧.૨૦૨૦ ના રોજ ઓનલાઈન પ્લેટફોર્મ (ઝૂમ ક્લાઉડ એપ) દ્વારા નવા પ્રવેશ મેળવનાર ફર્સ્ટ સેમ બી.ફોર્મ અને ફર્સ્ટ યર ફાર્મ.ડી વિદ્યાર્થીઓ માટે ફ્રેશર્સ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રોગ્રામ માં ત્રણ પ્રકારનાં ઈવેન્ટ્સ નું આયોજન કરવામાં આવેલ હતુ.: વકતૃત્વ સ્પર્ધા (હ્યુમન વેલ્યુ),ગાયક સ્પર્ધા , નૃત્ય સ્પર્ધાજેમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધામાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ, ૧૪ વિદ્યાર્થીઓએ ગાયક સ્પર્ધામાં અને ૬ વિદ્યાર્થીઓએ નૃત્ય સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઑનલાઈન મીટ દ્વારા વિદ્યાર્થીઓએ આ મહામારી ના યુગમાં ફ્રેશર્સ ઈવેન્ટનો ખૂબ આનંદ માણ્યો હતો.આ પ્રકારની પ્રવૃતિઓ ના આયોજન થી વિધ્યાર્થીઓ માં રહેલી આંતરિક શક્તિઓ જાગૃત થાય છે અને વિધ્યાર્થીઓ ની આજીવન ની સ્મૃતિ બની રહે છે.



**પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના કોલકાતાના માં દક્ષિણેશ્વર કાલી મંદિરમાં પ્રાર્થના કરીને માં કાલીના આશીર્વાદ લીધા હતા અને તમામ દેશવાસીઓના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મમતા બેનર્જીની સરકારમાં હિન્દુઓની પ્રતાડના અને હિન્દુ તહેવારો પર પ્રત્યે ઓરમાયુ વર્તન રાખવાના આક્ષેપો લાગી રહ્યા છે ત્યારે મમતાને તેના જ ગઢમાં લલકારવા પહોંચેલા અમિત શાહે મંદિરમાં દર્શન કરી સોશિયલ મીડિયા પર જણાવ્યુ હત કે આ સમગ્ર ભારતવર્ષની ચેતનાનું કેન્દ્ર છે અને રામકૃષ્ણ પરમહંસની તપોભુમિ છે. સ્વામી વિવેકાનંદની નરેન્દ્રથી વિવેકાનંદ બનવાની યાત્રા અહીંથી જ શરૂ થઈ હતી. માં કાલીનો આશીર્વાદ ભારત વર્ષ પર રહે, આજે અહીંથી નવી ઉર્જા અને ચેતના પ્રાપ્ત કરીને જઈ રહ્યો છું.. ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ**

### ચેરમેન ડૉ.આચાર્યનું નીતિન પટેલના હસ્તે સન્માન

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખા શ્રેષ્ઠ કાર્યશૈલીને કારણે દેશમાં પ્રથમ

અમદાવાદ,તા.૬

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા શ્રેષ્ઠ કાર્યશૈલીને કારણે દેશમાં પ્રથમ અને અમદાવાદ જિલ્લા શાખા રક્ત એકત્રીકરણ બાબતે દેશમાં પ્રથમ ક્રમાંકે આવી છે. ગુજરાત શાખાના ચેરમેન ડો. ભાવેશ આચાર્યને વર્ષ ૨૦૧૬-૧૭ માટે સુવર્ણચંદ્રક એનાયત થયો છે. ત્યારે નાયબ મુખ્ય પ્રધાન નિતીનભાઈએ પારિતોષિક વિજેતાઓને અમદાવાદ ખાતે સન્માનતા કહ્યું હતું કે માનવજીવન બચાવવા માટે અમૂલ્ય સેવાનું કામ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને ગુજરાતના લોકોએ કર્યું છે તેને બિરદાવવાનો આજે આ પ્રસંગ છે.

રાજ્યના આરોગ્ય મંત્રી અને રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ તરીકે મારો આનંદ બેવડાયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું નિતીનભાઈએ કહ્યું હતુ કે, લોકોના મનમાં રેડક્રોસ માટે બ્લડ કલેક્શન અને બ્લડ ડિસ્ટ્રીબ્યુશનનું કરતી સંસ્થા એવી સીમિત છબી છે. રેડક્રોસ બ્લડ બેંક માત્ર નથી. રેડક્રોસ સમાજ સેવાની અન્ય કામગીરી પણ કરી રહ્યું છે. જે સરાહનીય છે. આ પ્રસંગે તેમણે રેડક્રોસ સોસાયટી દ્વારા રુધિર સંલગ્ન રોગો વિશે સંશોધન થાય તથા થેલેસેમિયા- સિકલસેલ એનિમિયાના નિદાન અને સારવાર માટેની કામગીરી વધુ ને વધુ લોકો સુધી પહોંચે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેની ભારતમાં સ્થાપનાની ૧૦૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે ત્યારે આ સમારોહ દરમ્યાન રેડક્રોસ ગુજરાત શાખાને મળેલી ઉપલબ્ધીઓ માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી વિજય ભાઇ રૂપાણી દ્વારા પાઠવાયેલા શુભેચ્છા સંદેશનું પઠન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ આ પ્રસંગે રેડક્રોસ ભવન અમદાવાદ પરિસરમાં આવેલા 'વાત્સલ્ય ધામ' વૃદ્ધાશ્રમ, ફિઝિયોથેરાપી વિભાગ, પેથોલોજી-હિમેટોલોજી વિભાગ અને રેડિયોલોજી વિભાગની મુલાકાત લીધી હતી.

# ફટાકડા ફોડવા સંદર્ભે સરકારે કોઈ નિર્ણય ના કર્યો, કહ્યું- 'ટૂંક સમયમાં યોગ્ય જવાબ રજૂ કરીશું'

ગાંધીનગર,તા.૬

કોરોના કહેરમાં દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડવા ઉપર રાજસ્થાન અને ઓડિશાએ પ્રતિબંધ મૂક્યો છે. બીજી તરફ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે પણ દેશના કેટલાક રાજ્યોને હવામાં પ્રદૂષણ સંદર્ભે નોટીસો પાઠવી છે. અહીં, ગુજરાતમાં હજુ સુધી આવો કોઈ નિર્ણય લેવાયો નથી. પરંતુ દિવાળી ગુજરાતી નૂતન વર્ષારંભે ફટાકડાના વેચાણ અને ઉપયોગને લઈને શુક્રવારે રાજ્ય સરકારના ગૃહ વિભાગે બેઠક બોલાવી હતી. આબેઠક પૂર્ણ થઈ ગઈ છે. ફટાકડા ફોડવા સંદર્ભે ગુજરાત સરકારે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેઓએ જણાવ્યું છે કે, ૯ તારીખે એનજીટીમાં સુનાવણી સમયે જવાબ રજૂ કરાશે. સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યાં છે કે ફટાકડા પર સંપૂર્ણ નિયંત્રણની હાલ કોઈ વિચારણાં નથી. સ્વૈચ્છીક નિયંત્રણ માટે સરકાર અપીલ કરી શકે છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ સંજીવકુમારનો સંપર્ક કરતા તેમણે કહ્યું કે, એનજીટીએ ગુજરાતને નોટિસ આપ્યાનું ધ્યાને નથી પરંતુ, ૯મી નવેમ્બરે તેનું હિયરીંગ છે તે શું આવે છે તેને ધ્યાને લઈને નિર્ણય લેવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.